### વિશ્વાસથી વિકાસ યાત્રા કાર્યક્રમ અંતર્ગત

# ગાંધીનગર ખાતે સ્વ-સહાય જુથોને ૫૭૬.૮૦ લાખની સહાય

## જિલ્લાના ૪૦૦ જેટલા સખી મંડળોને રૂ. ૪૫૦ લાખ જેટલી કેશ ક્રેડિટ લોન મંજુર કરાઇ





ગાંધીનગર: શનિવાર: દેશના પ્રથમ એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છે. જેમના જન્મ દિવસે સામાજિક સેવાના અનેક કાર્યક્રમોનું આયોજન દેશભરમાં કરવામાં આવે છે, તેવું ગાંધીનગર ખાતે યોજાયેલ વિશ્વાસથી વિકાસયાત્રા અંતર્ગત સ્વ સહાય જૂથોને ચેક વિતરણ સમારંભમાં ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

દેશના વડાપ્રધાનશ્રીને જન્મ દિવસની શુભકામનાઓ પાઠવીને ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કોઈ દેશના વડાપ્રધાનશ્રી કે કોઈ રાજકીય આગેવાનનો જન્મ દિવસ હોય તો મોટા સમારંભો યોજાય છે. ફૂલહારથી તેમનું સન્માન થતું હોય છે. દેશના આ પ્રથમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છે કે, તેમના જન્મ દિવસને સમગ્ર દેશમાં જનકલ્યાણના કાર્યક્રમો થકી ઉજવણી કરવામાં આવે છે. તેમજ તેમના જન્મ દિવસે સમાજ સેવાના કાર્ય કરવામાં આવે છે.

તેમણે ઉમેર્યું હતું કે, તેમના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાતના અનેક સ્થળો ખાતે આજે ગરીબો, મહિલાઓ અને યુવાઓના વિકાસ માટેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ન ભૂતો ન ભવિષ્ય જેવા સમાજિક સેવાનો માહોલ આજે ગુજરાતમાં ઉભો થયો છે. સમગ્ર રાજયમાં આજે અનેક જન કલ્યાણના કામો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. રાજયના સર્વે નાગરિકોના સહકાર અને સરકારના અથાગ મહેનત થકી આજે ગુજરાતની વિકાસની ગતિ વધુ તેજ બની છે.

જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક શ્રી બી.કે પટેલે મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કરી જણાવ્યુ હતું કે, ગુજરાત સરકાર મહિલાઓના વિકાસ માટે અને મહિલાઓ સ્વ-નિર્ભર થાય તેના માટે હંમેશા પ્રયત્નશીલ રહી છે. જેના ભાગ રુપે મહિલાઓના આર્થિક ધોરણની પ્રવૃત્તિઓને હંમેશા વેગ આપ્યો છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવીકા મિશન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં હાલ ૨૦૦૦ જેટલા સક્રિય સ્વ-સહાય જુથો દ્વારા નિયમિત બચત અને આર્થિક ધિરાણની પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.

આ જુથોને રિવોલ્વિંગ ફંડ પેટે ૨૦ થી ૩૦ હજાર અને કોમ્યુનિટિ ઈન્વેસ્ટમેન્ટ ફંડ પેટે ૧.૫૦ લાખ રુપિયાની જુથ દિઠ સહાય આપવામાં આવે છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ ગુજરાતમાં સેવા દિવસ તરીકે સમર્પિત

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ, ધારાસભ્યો રાજ્યના ૩૩ જિલ્લાઓમાં આવા સેવા સમર્પિત કાર્યક્રમો દરમિયાન જનસમૂહના ઉલ્લાસ અને ઉમંગમાં સહભાગી થયા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલા સશક્તિકરણથી નારીશકિતના સામર્થ્યને વધુ ઊજાગર કરવાની નેમ રાખેલી છે. માતા-બહેનો આત્મનિર્ભર બને, સ્વાવલંબી બને એટલું જ નહિ ઘર પરિવારનો આર્થિક આધાર બને તેવા તેમના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતે શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે નક્કર કદમ ઉઠાવ્યું છે. નાના વ્યવસાય, ગૃહ ઉદ્યોગ દ્વારા ઘર-પરિવારનું ગુજરાન ચલાવવામાં સહાયક થતી માતા-બહેનોના સ્વ-સહાય જૂથોને લોન સહાય આપવાનો ઉદાત્ત અભિગમ વડાપ્રધાનશ્રીના જન્મદિને રાજ્ય સરકારે ચરિતાર્થ કર્યો છે.

દીનદયાળ ઉપાધ્યાય રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન તથા દીનદયાળ અંત્યોદય યોજના અન્વયે રાજ્યભરની ગ્રામીણ અને શહેરી વિસ્તારોની કુલ અઢી લાખથી વધુ માતા-બહેનોના ૨૩,૮૨૯ સ્વસહાય જુથોને એકજ દિવસમાં ૩૦૬ કરોડ રૂપિયાની સહાય પહોંચાડવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આ સહાય વિતરણનો રાજયકક્ષાનો કાર્યક્રમ અમદાવાદમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના જન્મદિવસ અવસરે અમદાવાદ મહાનગરના કુલ ૫૦ કરોડ રૂપિયાના લોકાર્પણ -ખાતમુહૂર્તના કામોની ભેટ આપી હતી. વડાપ્રધાનશ્રી જલવાયુ પરિવર્તન કલાયમેટ ચેન્જ વિષયે સતત દેશવાસીઓને સજાગ રાખી આ સંકટથી ઉગારવાના ઉપાયો માટે વૈશ્વિકસ્તરે પણ સુઝાવ આપતા રહ્યા છે. તેમના જન્મદિવસથી ગુજરાત સરકારના કલાઈમેટ ચેન્જ વિભાગે કલાઈમેટ ચેન્જ ક્ષેત્રે પંચામૃત યુવા જાગૃતિ અભિયાનની શરૂઆત કરી છે. ઉદ્યોગ જગત દ્વારા કાર્બન ઉત્સર્જન ઘટાડવાની પહેલરૂપે રાજય સરકાર અને ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે એમઓયુ પણ સંપન્ન થયા છે.



ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ૧૧ કુંડીય હવન અને સુર્યનમસ્કાર કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની સે-૩ વગડાવાળી માતાજી મંદિરે ઉજવણી કરાઈ હતી.

# ફાર્મા કંપનીના સેરો લિસ્ટીંગ બાદ ગગડતા વિવાદ

ગાંધીનગર, તા. ૧૭

મૂડીબજારમાં તાજેતરમાં પ્રવેશેલા એનએસઈ એસએમઈ પ્લેટફોર્મ પરના ફાર્મા કંપનીના શેરનો ભાવ પ્રિમિયમે લિસ્ટીંગ થયા બાદ ગગડતા વિવાદ સર્જાયો છે.

ફાર્મા કંપનીના શેરોનું પ્રિમિયમે લિસ્ટીંગ થયા બાદ તે ગગડતા શેરધારકો ચિંતામાં મુકાયા છે. શુ ઈશ્યુ ફંડનો ઉપયોગ પ્રથમ દિવસે જ અન્ય હેતુ માટે થયો છે ? ઈશ્યુ ફંડની રકમનું બેલેન્સ જમા છે ખરૂ ? તેવા પ્રશ્નો શેરધારકોને સતાવી રહ્યા છે. સેબી દ્વારા આ બાબતની ગહન તપાસ થવી જરૂરી છે. ઈસ્યુ ભરાવવા માટે કરેલા કમિટમેન્ટ નહી પૂરા કરવા માટે માથાભારે તત્વો દ્વારા હાથ ઉંચા કરી નાંખવાનો મનસૂબો છે કે કેમ તેની તપાસ કરી ગેરરીતિઓનો પર્દાફાશ કરવો જરૂરી બન્યો છે.

# લાલ ઈંટના વપરાશને મર્યાદિત કરતું નોટિફિકેશન કેન્દ્ર સરકાર પાછું ખેંચે

## ઇંટભઠ્ઠા ઉદ્યોગને સમગ્ર દેશમાં એક સમાન ભાવે કોલસો મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ

અમદાવાદ, તા. ૧૭

કેન્દ્રીય પર્યાવરણ વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય (સીપીસીબી)ના તા. ૨૨મી ફેબ્રુઆરી-૨૦૨૨નું નોટીફિકેશન બહાર પાડી કેન્દ્ર સરકારે ઈંટ ઉદ્યોગને જે અશક્ય નિયમો પાળવાની ફરજ પાડી છે જેની સામે ગુજરાત બ્રિકસ મેન્યુફેક્ચરર્સ ફેડરેશન લડત સમિતિએ ઉગ્ર વિરોધ કરતા જણાવ્યું હતુ કે ૩૧મી માર્ચ કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલયે ૩૧મી માર્ચ ૨૦૨૨ના નોટિફિકેશન બહાર પાડીને ઈંટ ભઠ્ઠામાં બનતી લાલ ઈંટ અને ટાઈલ પરનો ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ૫ ટકાથી વધારીને ૧૨ ટકા કરી દેવાનો નિર્ણય લાલ ઈંટનો વપરાશ મર્યાદિત થતો હોવાથી હોવાથી પણ ઈંટ ભઠ્ઠા ઉદ્યોગોને મોટો ફટકો પડશે.

આ અંગે વધુ વિગતો આપતા ગુજરાત બ્રીક્સ મેન્યુફેક્ચરર્સ ફેડરેશનના મહામંત્રી મહેન્દ્ર પ્રજાપતિએ જણાવ્યું હતુ કે ગુજરાત સહિત ભારત અને ગુજરાતનો ઈંટ ભઠ્ઠા ઉદ્યોગ કફોડી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે તેમના અસ્તિત્વ સામે ખતરો ઊભો થશે તેથી સરકાર આ નોટિફિકેશન તાત્કાલિક પાછુ ખેંચવુ જોઈએ. એટલું જ નહી કેન્દ્ર સરકારના નોટિફિકેશનને કારણે આગામી ઓક્ટોબરથી શરૂ થઈ રહેલી નવી સીઝનમાં ઈંટભઠ્ઠા ચાલકો તેમના એકમો ચાલુ પણ ન કરી શકે તેવી સ્થિતિ નિર્માણ થઈ છે ત્યારે હજ્જારો મજૂરો બેરોજગાર થશે જેના કારણે અમે ભારતભરતના ઈંટ ઉત્પાદકો દ્વારા અપાયેલા સંપૂર્ણ ઈંટનું ઉત્પાદન બંધ કરીને ગુજરાતના તમામ ઈંટ ઉત્પાદકો ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન ઈંટનું ઉત્પાદન નહી કરે.



પૂર્વ સૈનિકોનું આંદોલન ઉગ્ર બની રહ્યુ છે. સરકારે ઘણી બધી માંગણીઓ સ્વીકારી હોવા છતાં પૂર્વ સૈનિકો લેખિત બાહેંધરી માંગી રહ્યા છે. સરકારને અલ્ટીમેટમ આપી માંગણીઓ સ્વીકારવા જણાવાયુ છે. પૂર્વ સૈનિકોએ સચિવાલયનો ઘેરાવ કરવાનો જલદ કાર્યક્રમ જાહેર કર્યો છે.



વણઝારા સમાજ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પમાં મોટી સંખ્યામાં સમાજના સભ્યો જોડાયા હતા.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૨માં જન્મ દિવસે રૂપાલ વરદાયીની મંદિર ખાતે ૫૦૦ જેટલા દિવ્યાંથ બાળકો દ્વારા તેઓના દિર્ઘ આયુષ્ય અને જનકલ્યાણના કાર્યો થતા રહે તેવા આશયથી આયુષ્કામ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો, શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે હરઘર તિરંગા, રામમંદિર, સ્વચ્છ ભારત,વેક્સિનેશન, બેટી બચાવો, વર્લ્ડ લીટર મોદી જેવા વિષયો પર રંગોળીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ૨૪ કલાક પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ શુધ્ધિકરણ પ્લાન્ટનુ મોટાભાગનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. જુના સેકટરોમાં ૧૪ થી ૩૦ માં પાણી વિતરણ માટે કાસ્ટ આર્યનની લાઈન નાંખવાની કામગીરી અન્વયે ૫ કીલોમીટરમાં જ કામ બાકી છે. જયારે આંતરિક લાઈનને અનુલક્ષીને પણ ૩૫૦ પૈકી ૮૦ કી મી માં લાઈનનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. બાકીનુ કામ હવે શરૂ કરાશે. ગાંધીનગરના સાંસદ અમિત શાહે પણ આ કાર્યયોજના સમયસર પુર્ણ કરવા માટે તાકીદ કરી છે. ત્યારે તંત્ર માટે પણ આ કામગીરી નિયત સમયમાં પુર્ણ કરવાના પ્રયાસો શરૂ કરી દેવાયા છે. શહેરમાં આગામી સમયમાં મીટર પધ્ધતિથી પાણી વિતરણ કરવામાં આવશે જયારે સરકારી આવાસો કે બ્લોકને અનુલક્ષીને બ્લોક દીઠ કે એપાર્ટમેન્ટ દિઠ મીટર મુકવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જયારે આ સ્થિતિ વચ્ચે દરેક રહેવાસીઓએ સંકલન કરીને પાણીના બીલની રકમ ચુકવવાની રહેશે. અગર પોતાના ઘર માટે પણ અલગ મીટર મુકવાના રહેશે. શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થાના નવિનીકરણ માટે લાઈન નાંખવાની કામગીરી હવે તેજ બનશે બીજીતરફ વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણાની કામગીરી પણ હવે પુરઝડપે હાથ ધરાશે

## ૨૧ આવાસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્મચારીઓને રહેણાંક માટે ફાળવી દેવાયા છે. જયારે ૧૦૦ થી વધુ આવાસોની ફાળવણીના અંતે પણ આ ૨૧ આવાસો એક વર્ષથી બંધ હાલતમાં છે. અગાઉ સરકારી આવાસોમાંથી પેટાભાડુઆતો પણ ઝડપાયા હતા જયારે પેટાભાડુઆતોના કિસ્સામાં પણ કોર્ટ કેસ દાખલ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જો કે ત્યારબાદ સેકટરોમાં આવાસમાં રહેતા અનઅધિકૃત કબજેદારોની તપાસ માટે ઝુંબેશ આગળ ચાલી નથી અલબત્ત ચોમાસામાં આ કામગીરી બંધ છે. ત્યારે સેકટરોમાં હજુ પણ સંખ્યાબંધ મકાનો અનઅધિકૃત કબજેદારોની ચુંગાલમાં હોવાનુ મનાય છે. સે-૬ માં વીર ભગતસિંહ નગરમાં ચ- ૧ કક્ષાના ૧૮ તેમજ જ કક્ષાના ૩ તેમ કુલ મળીને ૨૧ આવાસો હજુ સુધી બંધ હાલતમાં છે. અલબત્ત નવા આવાસોના નિર્માણ બાદ એક વર્ષના અંતે પણ આ મકાનો કર્મચારીઓને ફાળવવામાં આવતા નથી જયારે બીજીતરફ સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. જેમાં ચ- ૧ કક્ષાના આવાસો માટે પણ ૫૦૦ થી વધુ પ્રતિક્ષા યાદીમાં હોવાનુ મનાય છે. શહેરમાં નવા આવાસો બાંધવા માટે પણ ઝડપથી કામ હાથ ધરવામાં આવતુ નથી જયારે જુના આવાસો તોડવામાં આવી રહ્યા છે. આવા સંજોગોમાં તૈયાર મકાનો પણ લાંબા સમયથી બિન ઉપયોગી હાલતમાં ખાલી હોવાનુ સ્પષ્ટ થતા આવાસ ઈચ્છુક કર્મચારીઓમાં પણ રોષની લાગણી વ્યાપી છે. આ આવાસો ત્વરિત ફાળવી દેવા માટે પણ કર્મચારીઓમાં માંગ ઉઠવા પામી છે.

## ભંગાણ પડ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ શુક્રવારે પ્રેસ કોન્ફરન્સ યોજીને સરકારી કર્મચારીઓની ૧૫ માગણીઓ અંગે લેવાયેલા નિર્ણયની વિગતવાર માહિતી આપી હતી. તેમાં જૂની પેન્શન યોજનાને લગતી અમુક માગણીઓ પણ સ્વીકારવામાં આવી હતી.

ગત રોજ જીતુ વાઘાણીએ સરકાર જૂની પેન્શન યોજનાનો આંશિક અમલ કરશે અને સાતમા પગાર પંચના બાકી ભથ્થા પણ ચુકવશે તેવી ખાતરી આપી હતી.

રાજ્ય સરકારે મહિલા કર્મચારીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. જે અંતર્ગત મહિલા કર્મચારીઓની નોકરીનો સમયગાળો ધ્યાને લીધા સિવાય મૂળ નિમણૂક તારીખથી જ ૧૮૦ દિવસ એટલે કે છ મહિનાની પ્રસૂતિ રજા આપવામાં આવશે.

## ચિત્તાનું આગમન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત લાવતા પહેલા પણ આ ચિત્તાને રસી આપવામાં આવી હતી તેમજ જરૂરી મેડિકલ તપાસ પણ કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દૂરથી દરવાજો ખોલતાની સાથે જ ચિત્તાએ ભારતની ભૂમિ પર પ્રવેશ કર્યો હતો. વડાપ્રધાને ડીએસએલઆર કેમેરાની મદદથી ચિત્તાની ફોટોગ્રાફી પણ કરી હતી. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પણ જણાવ્યું કે, હવે મધ્યપ્રદેશને ચિત્તા સ્ટેટ તરીકે ઓળખવામાં આવશે. મધ્યપ્રદેશમાં સૌથી વધારે વાઘ પણ છે. મધ્યપ્રદેશમાં ૧૦ નેશનલ પાર્ક છે, ૬ ટાઈગર રિઝર્વ છે અને ૨૫ વન્ય જીવ અભયારણ્ય છે. તમને જણાવી દઈએ કે કૂનો નેશનલ પાર્કમાં ચિત્તા આવવાને કારણે સ્થાનિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનું માનવું છે કે, શ્યોપુર અત્યંત પછાત ગામ છે અને હવે ચિત્તા જ્યારે અહીં આવ્યા છે તો તેના કારણે પર્યટનને પ્રોત્સાહન મળશે, લોકોની સંખ્યા વધશે અને તેમના માટે રોજગારની તકો પણ ઉભી થઈ શકે છે.

# ફોટોગ્રાફર એસોસિએશન ગાંધીનગર દ્વારા ફોટોશોપ અને લાઈટરૂમના વર્કશોપ યોજાયો



ફોટોગ્રાફર એસોસિએશન ગાંધીનગર છેલ્લા ગણા વર્ષો થી ગાંધીનગર અને બહાર ના ગણા ફોટોગ્રાફર-વીડિઓગ્રાફર મિત્રો ના હિત માટે અને નવીન શીખવા મળે તે માટે કર્યા કરી રહી છે. ફોટોગ્રાફર એસોસિએશન ગાંધીનગર દ્વારા સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ માં ફોટોશોપ વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોડેલની ફોટોગ્રાફી કરીને સારુ એડિટિંગ કરવાની રીત અને ફોટોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલા મિત્રોના ધંધાના વિકાશ માટે ચર્ચા કરવામાં આવી હતી. ૧૦૦ કરતા પણ વધુ ફોટોગ્રાફર મિત્રો આં વર્કશોપ માં જોડાયા હતા. આં કાર્યક્રમને સફળ બનાવામાટે ફિક્ષલ ફોટોગુડ્સ ગાંધીનગરના ચિંતનભાઈ, લોટસ આલ્બમ અમદાવાદના દશરથભાઈ, શ્રીજી લાઈવના જયંતીભાઈ, વાસ્તુ ડિજિટલના વસીમભાઈ, મેક માય કેન્વાસના બળવંતભાઈ વગેરે મહાનુભાવો નું યોગદાન રહ્યું હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૨મા જન્મદિવસે સરકારી યોજનાઓ વિશે માહિતગાર કરતી રંગોળી સ્પર્ધા




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૨મા જન્મદિવસ નિમિત્તે અમદાવાદના રિવરફ્રન્ટ પર આવેલા ચિલ્ડ્રન્સ પાર્કમાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીએ હાજરી આપીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. પોલીસ ખાતાના અધિકારીઓ, કર્મચારીઓ તથા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ હાજરી આપી હતી.

## ભાગ લીધો

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૯૫૦માં બની હતી. પછીના સાત દાયકામાં ૧૦ હજાર આઈટીઆઈ ની રચના કરવામાં આવી. અમારી સરકારના ૮ વર્ષમાં દેશમાં લગભગ ૫ હજાર નવી આઈટીઆઈ બનાવવામાં આવી છે. છેલ્લા ૮ વર્ષમાં આઈટીઆઈમાં ૪ લાખથી વધુ નવી બેઠકો પણ ઉમેરવામાં આવી છે.

આઈટીઆઈના કૌશલ્ય દિક્ષાંત સમારોહમાં પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા ૮ વર્ષમાં દેશે ભગવાન વિશ્વકર્માની પ્રેરણાથી નવી યોજનાઓ શરૂ કરી છે, 'શ્રમ એવ જયતે'ની પરંપરાને પુનર્જીવિત કરવાના પ્રયાસો કર્યા છે. આજે, દેશ ફરી એકવાર કૌશલ્યોને સન્માન આપી રહ્યો છે, કૌશલ્ય વિકાસ પર સમાન ભાર આપી રહ્યો છે.

પીએમ નરેન્દ્ર મોદીએ આઈટીઆઈના કૌશલ્ય દિક્ષાંત સમારોહને સંબોધન કર્યું. પીએમે સંબોધન કરતા કહ્યું કે, પ્રથમ વખત આઈટીઆઈના ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓના કૌશલ્ય દિક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ અમારી સાથે જોડાયેલા છે. હું આપ સૌને કૌશલ દીક્ષાંતની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

## શુભેચ્છા પાઠવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જન્મદિવસની શુભેચ્છા પાઠવી. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે, તમને જન્મદિવસના અવસર પર સારા સ્વાસ્થ્ય અને લાંબા જીવનની શુભકામના, શ્રી પશુપતિનાથ હંમેશા તમારી રક્ષા કરે.

દલાઈ લામાએ પીએમ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. તેમણે કહ્યું કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના જન્મદિવસ પર હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પીએમ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે પીએમ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પીએમ મોદીને ૭૨મા જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. અભિનેતા અજય દેવગને પીએમ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે.

યુપીના સીએમ યોગી આદિત્યાનાથે પીએમ મોદીને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી છે. તેમણે કહ્યું કે, 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ના શિલ્પી 'અંત્યોદય' હેતુ સતત રાષ્ટ્રની આરાધનામાં સતત વ્યસ્ત મોદીજીને જન્મદિવસની શુભેચ્છા આમ, ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ ઉપરાંત અનેક દિગ્ગજ નેતાઓએ ટ્વિટ કરીને પીએમ મોદીને જન્મદિવસની શુભકામના પાઠવી છે.

## નેપાળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કચેરીના વડા અચ્છમ ડીએસપી નારાયણ ડાંગીએ જણાવ્યું હતું કે જિલ્લામાં વિવિધ સ્થળોએ ભૂસ્ખલનને કારણે મકાનો ક્ષતિગ્રસ્ત અને દટાયા હોવાના અહેવાલો મળ્યા બાદ પોલીસ ટીમોને એકત્ર કરવામાં આવી છે.

પૂર્વી કૈલાલીમાં સતત થઈ રહેલા વરસાદના કારણે લગભગ ૬૦૦ ઘરો પાણીમાં ડૂબી ગયા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે કાંડ્રા અને પથરિયા નદીઓમાં પૂર તથા વસાહતમાં પાણી ઘૂસી જવાના કારણે ૫૦૦થી વધુ ઘર જળમગ્ન થઈ ગયા હતા.

તેમણે જણાવ્યું કે, સોનાફંટા ટોલ, દલાઈખી ટોલ, ભારતન ટોલ, જનકપુર ટોલ અને છછરહવા ટોલમાં પૂર આવી ગયું હતું.